સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સંપ ના સંગઠ્ઠન પર, બાપ થઇ બેસી ગયા,
વિશ્વાસે મળ્યો સત્તા-ચરૂ, સાપ થઇ બેસી ગયા,
આવડ્યું નહીં સૌને સાથે રાખતાં 'આપ'-ખૂદીમાં -
ચાલ્યા ચાલ મોદીની અને 'આપ' થઇ બેસી ગયા..
(માથું રહે સેવાળમાં, ઉચા રહે બે પગ)

હાઈકુ

લાજ-શરમ,
ચૂકે મૂલ્ય મર્યાદા -
ન્યૂઝ-ભૂખની..
(નિર્ભયા ડોક્યુમેન્ટરી)

મોજ મસ્તાના
રંગમાં પાડ્યો ભંગ -
સ્વાઇન ફ્લૂએ..
(વાઇરસ ચિંતાનું આવરણ)

ચિંતન

ત્વામુદર સાધુ મન્યે શાર્કેરપિ યદ્સિ લબ્ધપરિતોષિમ્ ।
કૃતહૃદય હૃધિકાધિકન વાંછા શતદુભરં ન પુનઃ ॥

'હે પેટ-ઉદર હું તને ખૂબ વખાણું છું મને તારા પ્રત્યે ખરેખર માન ઉપજે છે, કારણ કે તું તો જેવું-તેવું શાક કે ભાજીપાલો ખાઇને પણ સંતુષ્ટ થઇ જાય છે. (પેટ ભરાઇ જાય પછી મન તરત એક કોળિયો પણ વધારે લેવાની ઇચ્છા કરતું નથી - સંતોષ થઇ જાય છે) પરંતુ મારું આ પાપી મન - ચિતમાં આવતી અને વધતી જતી ભૂખ ને ગમે તેટલા પ્રયાસથી પૂર્ણ કરવા - ભરવાના પ્રયત્ન કરીએ છતાં કદી પણ ભરાતું નથી.'

પેટને જરૂર જેટલું ખાવાનું મળી જાય પછી ખાનાર સંતોષી હોય તો ઓડકાર આવે ને અટકી જ જાય છે. અસંતોષી હોય તો પણ બે-ત્રણથી વધારે કોળિયા ઠાંસી ઠાંસીને ખાય પછી તો એને 'ના' જ પાડવી પડે છે એટલે કે પેટની સીમા હોય છે. તે ભરાય એટલે સંતોષ થાય જ છે. રચયિતા આમ પેટના વખાણ કરે છે કે તને ધન્યવાદ છે, તું સંતોષી છો.

પરંતુ મારું આ મુર્ખ પાપી મન અનેક ઇચ્છાઓ - આકાંક્ષાઓ લઇને કૂદે છે અને કદાપિ તેને સંતોષ થતો નથી જે ઇચ્છાપૂર્ણ થાય કે તરત જ નજર બીજી પર કૂદકો મારે છે. ઇચ્છાઓનો કદી પણ અંત આવતો નથી.

સુવિચાર

- બે માણસો હાથથી મળ્યા સંપર્ક થઇ ગયો.. બે માણસો બુદ્ધિથી મળ્યા સંસર્ગ થઇ ગયો.. બે માણસો હૃદયથી મળ્યા સત્સંગ થઇ ગયો - સાધુ વાસવાણી
- વર્તમાનકાળની ફરજોને વફાદાર રહીએ, તો ઇશ્વર ભવિષ્યકાળની જોગવાઇ કરી જ આપશે - સંતરામ
- ઇશ્વર પાસે માંગવામાં જરાયે વાંધો નથી.. પરંતુ આપણી માગણીનો જવાબ એ 'ના' પાડીને આપે તો એ સ્વીકારીને ચાલવું જરૂરી છે - કાજલ ઓઝા વૈદ્ય
- તકલીફ એ છે કે આપણને આપણી શ્રદ્ધા પર શંકા છે અને શંકા વિશે આપણે ખૂબ શ્રદ્ધાવાન છીએ - ચંદ્રકાન્ત બક્ષી
- આગળ વધી જવું એટલે કોઇને 'પાછળ પાડી દેવા' એમ નહીં.. આગળ વધી જવું એટલે નવી દિશાની શોધમાં, નવા આયામ સાથે નવેસરથી જીવવાનો પ્રયાસ કરવો - એસ. ભટ્ટાચાર્ય
- 'અહમ્' શબ્દના બે અર્થ પરસ્પર વિરોધી છે, એક કે માણસનો અહંકાર એની અંદર જીવતા એક રાક્ષસને જગાડે છે અને માણસનો અહમ્ એની અંદર જીવતા કલાકાર માટે પ્રાણવાયુની ગરજ સારે છે - ઝેન કથન
- ઇન્સાન સે મિલના તુઝે આયા નહીં હૈ.. ભગવાન સે મિલને કી તેરી આરઝુ પે હંસી આતી હૈ - સાહિર લુધીયાનવી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

કેજરીવાલના મનમાં એમ છે કે મારા કારણે દિલ્હી પર વિજય મળ્યો. જયારે તેના સાથીદારોને એમ છે કે અમારા પ્રયત્નથી જ સત્તા મળી, વાસ્તવમાં લોકો કોંગ્રેસ અને ભાજપને ઓળખી ગયા પછી નવો અનુભવ લેવા ઇચ્છતા હતા. સંપ, સહકાર આના પાયામાં છે.

સિંહ, એના સેવક ગધેડાને લઇ શિકારે નીકળ્યો, સિંહે કહ્યું, આ ગુફામાં સાંજે જંગલી બકરીએ રાતવાસો કરે છે, તું અંદર જઇ બૂમબરાડા - લાતંલાત કરી બકરીઓને બહાર કાઢ - હું એનો શિકાર કરીશ.

ગધેડાએ સૂચના મુજબ કર્યું અને એક-બે બકરી બહાર દોડી આવી. સિંહે શિકાર કર્યો.

ગધેડું ખાતાં ખાતાં બોલ્યું, આજે તો, વનરાજ મારે કારણે જ તમને શિકાર મળ્યો, ખરું ને?!

સિંહને ખોટું લાગ્યું, એણે કહ્યું જો મને ખબર ન હોત કે આ ગુફામાં 'બકરી' છે તો તું ક્યાં જઇ લાતંલાત ગર્જના કરવાનો હતો? બંને વચ્ચે ઝગડો થયો. સિંહે ગધેડાને પંજા માર્યા. ગધેડાએ સિંહને પાછલા પગે લાતો મારી, સિંહ દવાખાને દવાખાને દવા કરાવવા ગયો. ગધેડો રિસાય - ટ્વીટર પર બેઠો...

બચેલી બકરીઓ દુઃખી થઇ આ બધું જોયા કરે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

સ્વતંત્ર ભારતમાં કેટલી સ્વતંત્ર નારી?

પ્રસંગસર
'આજે વિશ્વ મહિલા દિન'

- પદ્મા મિસ્ત્રી

આજે 'Women's Day' વિશે કંઇક લખતાં મને ખૂબ જ આનંદ થાય છે, ખુશી થાય છે. ખુશી એટલા માટે કે હું એક સ્ત્રી છું અને સ્ત્રી વિશે કંઇક લખવું કે બોલવું એ ખુબ ખુશીની વાત છે. સ્ત્રી હોવાનો મને ગર્વ છે, અને દરેક સ્ત્રીને ગર્વ લેવાની જરૂર છે. ઘણી સ્ત્રીઓને પોતે સ્ત્રી હોવાનો અફસોસ હોયછે. તેમને હંમેશા એવું લાગે છે કે પુરુષોના પ્રમાણમાં ભગવાને સ્ત્રીઓને ઘણો અન્યાય કર્યો છે. સ્ત્રીનો અવતાર તેને શ્રાપરૂપ લાગે છે અને તેઓને હંમેશાં એવું જ લાગતું હોય છે કે પોતે પુરુષ તરીકે જન્મ્યા હોત તો વધુ સારું હતું. પરંતુ ખરેખર એવું નથી. દરેક સ્ત્રીઓ એ પોતાના સ્ત્રીત્વને આવકારી, સ્વીકારી સન્મા આપી તન-મનથી પોતાના વ્યક્તિત્વને કેળવવામાં આવે તો આજની આધુનિક નારી ઘણા કાર્યો સફળતાપૂર્વક પાર પાડી શકે તેમ છે. તેથી દરેક સ્ત્રીએ ગર્વ લેવાની જરૂર છે કે પોતે એક સ્ત્રી છે.

યા દેવી સર્વ ભૂતેષુ, શક્તિ રૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યે, નમસ્તસ્યે, નમસ્તસ્યે નમો નમઃ ॥

આમ સ્ત્રીને દેવી સાથે સરખાવેલી વાત આપણને કટાક્ષભરી લાગે છે, પરંતુ શક્તિ એટલે દેવી નહીં, પરંતુ 'શક્તિ' એટલે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની શક્તિની સાથે પ્રેમ માટે બધુ જતુ કરવાની શક્તિ જેનામાં રહેલી છે તે, અને આવી શક્તિ ઇશ્વરે સ્ત્રીને જ આપી છે. વળી આપણને લાગશે કે એક બાજુ તો સ્ત્રીને દેવી તરીકેનું સ્થાન આપવામાં આવે છે. પરંતુ વાસ્તવિક જીવનમાં તેનું સ્થાન એક દાસી રૂપે છે. આમ દેવી અને દાખીની રેખા પર આપણાં જેવી જીવતી જાગતી અગણિત સ્ત્રીઓ ઊભી છે. આજની સ્ત્રી નથી દેવી કે નથી દાસી. આજની સ્ત્રી એક મનુષ્ય તરીકેની પોતાની ગૌરવપૂર્ણ સ્વીકૃતિ ઇચ્છે છે.

ફક્ત હિન્દુ સમાજ વ્યવસ્થા જ નહીં, પરંતુ આખી દુનિયાની સમાજવ્યવસ્થા એવી રીતે ઘડાયેલી છે કે જેમાં સ્ત્રીનું સ્થાન અને તેનું કાર્ય હંમેશા ગૌણ ગણવામાં આવે છે અને આ મનોવૃત્તિ ખુદ સ્ત્રીના પોતાના મનમાં પણ એટલી દૃઢ થયેલી છે કે તેનાં મૂળિયાં શોધવા ખૂબ કઠિન છે. સ્ત્રી પોતે જ પોતાનો જન્મ બિનઉપયોગી અને નકામો માને છે. જે સ્ત્રી પહેલાં પોતે જ પોતાનું સ્થાન ગૌણ ગણતી હતી અને પોતાને એક વ્યક્તિ તરીકે પણ સ્વીકારવા તૈયાર નહોતી તેમાં આજે થોડુંક પરિવર્તન આવ્યું છે, પરંતુ તે પ્રશંસાને પાત્ર નથી.



સમયના ચાકડા પર પ્રગતિના અનેક ઘાટ ઘડાતા રહે છે, ધરી પર રહેલી માટી અલગ-અલગ ઘાટ ધારણ કરે છે પણ ધરી સામે કોઇ જોતું નથી. ભારતીય સ્ત્રી એ પ્રગતિના એ ચાકડાની ધરી છે, જે સમાજને નીત નવા ઘાટ આપતી રહે છે પરંતુ તેના અસ્તિત્વનું ભાન કોઇનેય નથી. પરંતુ આજની પરિસ્થિતિમાં સ્ત્રીને એટલે કે આ ધરીને પોતાની સભાના આવી હોય એવું લાગે છે. આજની સ્ત્રી કે જેના અસ્તિત્વની નોંધ સુદ્ધાં લેવામાં આવતી ન હતી તે હવે 'સ્વ'ની સ્થાપના કરવા કટિબદ્ધ બની છે.

નારીના વિકાસમાં સમાજની રૂઢ બનેલી પ્રણાલીઓ ચોક્કસપણે બાધક રહી છે પરંતુ એની સાથે એક કડવું સત્ય એ પણ આપણે સ્વીકારવું રહ્યું કે સ્ત્રી પોતે પણ સ્ત્રીના વિકાસમાં અવરોધરૂપ બની છે. પુરુષોએ જો સ્ત્રીઓનું શોષણ, જુલમ અને અત્યાચાર કર્યો છે તો સ્ત્રીઓએ પણ પોતાના જાતિ એવી સ્ત્રીઓને યાતના આપવામાં પાછી પાની કરી નથી. પછી તે વહુઓને સળગાવી દેવાની બાબત હોય કે પછી ગર્ભમાં ઉછરી રહેલી બાળકીની હત્યા કરવાની હોય. તેમાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓ જ કારણભૂત રહેલી છે. એક સ્ત્રીનું માનસ જેટલું પુરુષ વિરોધી હોય છે તેના કરતાં અનેકગણું સ્ત્રીવિરોધી હોય છે. સ્ત્રીઓના શોષણ અને પ્રગતિમાં અડચણરૂપ બનવામાં સ્ત્રીઓનો સૌથી મોટો ફાળો રહ્યો છે. દરેક સ્ત્રી જાણે-અજાણે બીજી સ્ત્રીને પોતાની સ્પર્ધક ગણે છે. આ તેની એક સ્વભાવગત નબળાઇ છે. ઘણીવાર તો આ નબળાઇ એટલી તીવ્ર હોય છે કે જેને વાસ્તવિક અર્થમાં મુલવી પણ ન શકાય! આ સ્પર્ધામાં તે પોતાનું સ્તર, શિક્ષણ અને મોભાનું ભાન પણ ભૂલી જાય છે. તો શું બળાત્કાર, અત્યાચાર અને જુલમનો ભોગ બનતી આવી સ્ત્રીઓને તેમની એ પરિસ્થિતિમાં એકલી મૂકી દેવી જોઇએ? આપણે શું આપણી જ જાતિનો થતો વિદ્વંશ રોકી ન શકીએ?

આજે પરિસ્થિતિમાં અમુક અંશે સુધારો ચોક્કસપણે આવ્યો છે. આજે ભારતીય સ્ત્રીઓએ કારકિર્દીના દરેક ક્ષેત્રે પગ મૂક્યો છે અને તેમાં ઝળહળતી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે. પણ ભલે તે વહીવટીક્ષેત્ર હોય કે વૈજ્ઞાનિક ક્ષેત્ર, પોલીસ વિભાગ હોય કે પછી મેડિકલ લાઇન હોય, આવી સ્ત્રીઓ પોતાની છાપ ક્યાંકના ક્યાંક છોડી દે અને તેમના થકી બીજી સ્ત્રીઓને પ્રેરણા મળતી રહી છે. છતાંય આજે એવી કેટલીય સ્ત્રીઓ છે જેઓ આવી યાતનાઓનો ભોગ બનતી રહે છે. આજે સમાજમાં સ્ત્રીની માત્ર પોઝીશન બદલાઇ છે, સ્ટેટસ તો એનું એજ રહ્યું હોય એવું લાગે છે. તેના માન-સન્માન અને મોભામાં કંઇ ખાસ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો નથી. હા, આજે ભણતરનું પ્રમાણ ચોક્કસ વધ્યું છે. સ્ત્રીઓ બધી જાતનાં વ્હીકલો ચલાવતી થઇ છે અને ઊંચી પોસ્ટ પર નોકરી કરતી પણ થઇ છે પરંતુ આ બધા પરિવર્તનો બાહ્ય દેખાવ પુરતા હોય એવું નથી લાગતું?! એનાથી કંઇ સ્ત્રીઓને પુરુષ સમાન દરજ્જો પ્રાપ્ત થઇ ગયો છે, એવું નથી. આજ પણ કોઇ સ્ત્રી કે બાળકી સાથે અનિચ્છનીય ઘટના ઘટે ત્યારે મિડિયા દ્વારા તેને 'પીડિતા' જેવું વિશેષણ મળી જાય છે, ભર બજારે પસાર થતી સ્ત્રીની છેડતી હજુ સમાપ્ત થઇ ગઇ હોય એવું લાગતું નથી. આજે પણ છેડતી,ઘરેલું-હિંસા, બળાત્કાર કે પછી ગેંગરેપ જેવા કિસ્સાઓ રોજે-રોજ વાંચવા-જોવામાં આવી રહ્યા છે. આ બધું જાણે સ્ત્રીની નિયતિનો એક ભાગ બની ગઇ હોય એવું નથી લાગતું? જો કે ઘર અને સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બદલાય તે માટે દરેક ક્ષેત્રે પ્રયત્નો થઇ રહ્યા છે, પરંતુ જોઇતા પ્રમાણમાં પરિણામો મળતા નથી.

સમય બદલાતો રહે છે, સમયની સાથે સામાજિક, કૌટુંબિક પરિસ્થિતિઓ પણ બદલાઇ રહી છે પરંતુ નારી જાતિ પ્રત્યે સમાજનું તથા પુરુષનું વલણ હજુ જોઇએ તેટલા પ્રમાણમાં બદલાતું નથી એ જ બતાવે છે કે મૂળીયા કેટલાં ઊંડે સુધી ઊતરી ગયેલા છે. સદીઓથી ચાલતી આવતી પિતૃસત્તાક પ્રણાલીમાંથી આજે પણ આપણે મુક્ત થયા હોય એવું લાગતું નથી. આવા પિતૃપ્રધાન સમાજમાં 'સ્વ'ને સ્થાપિત કરવા માટે અને સમાનતા તથા ન્યાય મેળવવા માટે હજુ સ્ત્રીઓએ ઘણું વેઠવું પડે તેમ છે. હજુ ઘણો સંઘર્ષ કરી ઘણી લાંબી મંઝિલ કાપવાની બાકી હોય એમ લાગે છે.

દરેક સ્ત્રીઓ પોતાને પોતાને ભોગવવી પડતી યાતનાઓ, અત્યાચાર, શોષણ તથા અન્યાયનો બદલો બીજી સ્ત્રીઓ સાથે લેવાની ભાવનાને તિલાંજલી આપી તેમની હમદર્દ બની તેમની પ્રગતિના પથ પર તેમની હમસફર બને તો સ્ત્રીઓએ એક વાત ખાસ સમજી લેવાની જરૂર છે કે પોતાની સ્વભાવગત એવું સ્ત્રીઓનો વિરોધ કરવાનું વલણ કદાચ બદલી ન શકે અને સમજી શકશે તેટલું પુરુષો ક્યારેક સમજી નહીં શકે. એક સ્ત્રી જેટલું બીજી સ્ત્રી સામે સન્માનપૂર્વક જોઇ શકશે તેટલું પુરુષ ક્યારેક જોઇ નહીં શકે. ટૂંકમાં દરેક સ્ત્રીએ એક વાત મનમાં ઊતારી દેવાની જરૂર છે કે દરેક સ્ત્રીઓ પ્રત્યે હકારાત્મક અને સન્માનપૂર્વક અભિપ્રાય કેળવી વ્યવહાર કરવામાં આવશે તો તે પુરુષ અને સ્ત્રી બંનેના મનમાં પોતાની આગવી છાપ ચોક્કસ ઊભી કરશે.

દરેક સ્ત્રીએ બીજું એ પણ કરવાની જરૂર છે કે પોતાની આસપાસ રચવામાંઆવેલા બિચારી, પીડિતા, લાચાર, અબળા અને બાપડી જેવા યુક્તિપૂર્વકના જે શબ્દપ્રયોગો રચવામાં આવ્યા છે તેને દૂર હડસેલી આત્મગૌરવની નવી છબી રચવાની જરૂર છે. તથા આ કામ બૈરાં ન કરી શકે, આ કામ તારું નહીં, તું એકલી ક્યાંક ન જઇ શકે, જેવા આઘાતજનક પ્રહારો જે સ્ત્રીઓની શક્તિઓને નબળી પાડી દે છે, તેને દૂર કરવા માટે કમર કસવાની જરૂર છે. સહનશીલતાની મૂર્તિ બની જીવવા અને ખોટનો ધંધો કરવા કરતાં સાહસની મૂર્તિ બનવામાં તેને ઘણો ફાયદો રહેલો છે. જૂનાં-પુરાણાં મૂળીયાં કે જે ખૂબ ઊંડે સુધી રહેલાં છે એટલે વૃક્ષ તો વધવાનું જ છે, પરંતુ તેને રોકવા કાયદા અને કલમની સાથે દરેક સ્ત્રીઓ પણ કદમ મિલાવશે તો ચોક્કસ સશક્ત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ બનશે એમાં કોઇ શંકાને સ્થાન નથી!

દરેક સ્ત્રીએ શક્તિ સ્વરૂપ છે. દરેકે પોતાની અંદરની શક્તિઓને ઓળખી તેનો ઉપયોગ કરવાની જરૂર છે. આજની એકવીસમી સદીની વાત કરીએ તો આજની સ્ત્રીઓ તો રોકિંગ છે એટલે તેને કોણ રોકી શકવાનું? એને તો માત્ર જરૂર છે ખુલ્લા આકાશની, જેમાં તે પોતાના સપનાઓની ઊંચી ઊડાન ભરી શકે...

બહુચર્ચીત ભૂમિ અધિગ્રહણ કાનૂન...
૧૮૯૪ ના બ્રીટીશ કાનૂનમાં ૨૦૧૪ માં સુધારો

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

બજેટ સત્રમાં કેન્દ્ર સરકાર માટે માથાનો દુઃખાવો બની રહેલ ભૂમી અધિગ્રહણ બિલ ૨૦૧૪ પાછો ખેંચવા માટે વિરોધ પક્ષોએ તથા અન્ના હજારેએ ધરણા કરતા ભારતભરના ખેડૂતોએ ભૂમી અધિગ્રહણ બીલ ૨૦૧૪ નો વિરોધ નોંધાવ્યો છેવટે સરકારને પણ સ્વીકારવું પડેલ છે કે બીલમાં કે કાનૂનમાં ખામી હશે તો તેમાં ચોક્કસ સુધારો કરવામાં આવશે.

નવા સુધારા મુજબ ખેડૂત વળતર સ્વીકારવા ઈન્કાર કરે તો પણ તેની જમીન ડેવલોપમેન્ટ માટે મેળવી વળતરની રકમ સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.

મૂળભૂત જમીન અધિગ્રહણ કાયદો ૧૮૯૪ માં બ્રીટીશ સરકારે રેલ, તાર, ટેલીફોન સેવા માટે ખેડૂતો પાસેથી જમીન સંપાદન કરવા માટે બનાવેલ જે કાયદામાં ૨૦૧૪ માં મોદી સરકારે સુધારા કરી નવો ભૂમી અધિગ્રહણ કાનૂન ૨૦૧૪ નું નામ આપી નવી બોટલમાં જુનો દારૂ જેવો ઘાટ ઘડેલ છે . ૧૮૯૪ માં પણ આ કાયદાને ખેડૂત વિરોધી ગણી લોકમાન્ય ટીળકે આંદોલન કરેલ ત્યારબાદ આઝાદી પછી બે વખત આ કાયદામાં સુધારો જવાહરલાલ નહેરૂ સરકારે કરેલ ત્યારબાદ ૧૨૦ વર્ષ બાદ ૨૦૧૩ માં યુપીએ સરકારે આ કાયદામાં સુધારા-વધારા કરી નવુ બીલ બહાર પાડેલ અને ખેતી સીવાયના હેતુ માટે જમીન મેળવવાની પ્રક્રિયા વધુ કડક બનાવાઈ હતી આ જોગવાઈ મુજબ એકથી વધારે પાક લેવાતો હોય તેવી ખેતીલાયક જમીનો ઉદ્યોગજૂથો કે શહેરીકરણના હેતુ માટે મેળવવા માટે પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

ખેતી સીવાયના હેતુ માટે પ્રાપ્ત થયેલી જમીનના માલીકો અને ખેત મજૂરો માટે પુર્નવસન યોજના પણ અમલમાં મુકવામાં આવી હતી. સરદાર સરોવર નર્મદા નિગમે આ કાયદા પ્રમાણે આખે આખા ગામોની જમીનો સંપાદન કરી ખેડૂતોને અન્યત્ર પુર્નવસન કરી વળતર પણ ચુકવેલ તે મુજબ જમીન સંપાદન એક વર્ષ સુધી જમીન ઉપર નિર્વાહ ચલાવનાર પરિવારને પ્રતિમાસ રૂ.૩૦૦૦ જેટલું વળતર પણ પુર્નવસન યોજના અંતર્ગત સરકાર દ્વારા ચુકવવામાં આવેલ.

પરંતુ જે જમીન ખેડૂતો પાસેથી સંપાદન કરવામાં સરકારને પાંચ વર્ષથી વધુ સમય લાગેલ હોય અને સરકાર વળતર પણ આપી શકેલ ના હોય તો મૂળ માલીકને જમીન પરત સોંપવાની જોગવાઈ પણ બીલમાં કરેલ હતી જે જોગવાઈ નવા ભૂમી અધિગ્રહણ બીલમાં નાબુદ કરવામાં આવેલ છે અને આવા કેસોમાં મૂળ માલીક અદાલતી કાર્યવાહી સીવાય જમીન સરકાર પાસેથી પરત માંગી શકે નહી જેથી ન્યાઈક પ્રક્રિયામાં મૂળ માલીકોએ વર્ષો સુધી વળતર અથવા જમીન મેળવવા નાણા તથા સમયનો વ્યય કરવો પડશે.

મૂળ હેતુ માટે સંપાદન કરેલ જમીન જે તે હેતુ બર ના આવે તો પણ સરકાર જમીન મૂળ માલીકોને પરત આપશે નહી તેવો ઠરાવ એનડીએ સરકારમાં સુધારેલ અધ્યાદેશમાં કરવામાં આવેલ છે. મતલબ કે જે હેતુ માટે ખેતીલાયક જમીન મેળવવામાં આવી હોય તે હેતુ બર ના આવે તો પણ જમીન પાછી આપવી નહી. ભૂમ અધિગ્રહણ કાયદાનો ભંગ કરી ને યેનકેન પ્રકારે જમીન સંપાદન કરવાના સરકારી અધિકારીઓના પેતરાને પણ એનડીએ સરકારનો સુધારેલ કાયદો બચાવી રહ્યો છે.

પરિણામે અમલદારશાહી જ આપખુદશાહી બની રહેવા પામેલ છે અને અમલદારો રાજનેતાને સરકારને ખુશ રાખવાના પેતરા, કાવત્રામાં રચ્યા પચ્યા રહી ખેડૂતોને અન્યાય કરી રહ્યા છે. જમીન અધિગ્રહણ બીલના સુધારા મુજબ એક સાથે ૮૦ ટકા ખેડૂતો જમીન ડેવલોપ કરવા આપવા માટે સંમત થાય તો જ આવી જમીન સરકાર દ્વારા સમંતી સંપાદન કરવામાં આવશે અન્યથા આવા પ્રોજેકટ પડતા મુકવામાં આવશે તેમ છતાં આ સુધારાને અમલદારશાહી આગળ કાગળ ઉપર જ રહેવા પામેલ છે અને અમલદારો સામે આવા કેસોમાં ફરીયાદ દાખલ કરતા પહેલા જે તે મંત્રાલયની પરવાનગી ફરજીયાતપણ હોય તો જ આવા અમલદારોનો વાળપણ વાંકો થતો નથી અને અમલદારો સરકારને ખુશ રાખવામાં જ વ્યસ્ત રહે છે.

હાલમાં એક ખેડૂત જમીન આપે તો બાજુની જમીન માલીક સંમત ના હોવા છતા આવી જમીન અમલદારો દ્વારા સંપાદન કરવામાં આવે છે અને વળતરના નાણા મૂળ માલીક ના સ્વીકારે તો આવા નાણા સરકારી તિજોરીમાં જમા કરવામાં આવે છે જે મેળવવા ખેડૂતને કોર્ટ લીટીગેશનમાં ઉતરવું પડે છે. આ સુધારાનો મતલબ એ છે કે સરકાર (અમલદારો) ધારે તેની જમીન કોઈપણ રીતે કોઈપણ સંજોગોમાં અચૂક મેળવીને જંપશે છેક ૧૮૯૪ નો બ્રીટીશ રાજના કાળા કાયદામાં છેવટે સુધારો તો સરકારને અમલદારશાહીને મનચાહે તે રીતે જ કરવામાં આવતા ભૂમી અધિગ્રહણ કાનૂન ૨૦૧૪ ની હોળીની આગ સરકારને કેટલું દઝાડે છે તે આવનાર સમયમાંજ માલુમ પડશે. સરકાર ખેડૂતો સામે ઝુકે છે કે પછી આંદોલનનો થાય છે તે જોવાનું રહ્યું સરવાળે ભૂમીનો તાત ખેડૂતને જ સહન કરવાનું રહેશે.

પ્રતિમા જોઇએ કે પરમાત્મા ?

રોહિતોપદેશ

- રોહિત શાહ

બે માણસો હતા.એક માણસ અમૃતને અમૃત માનવા તૈયાર નહોતો અને બીજો માણસ વિષને વિષ માનવા તૈયાર નહોતો. પહેલો માણસ કહેતો હતો કે અમૃત પીવાથી અમર થઇ જવાય એ વાત હું નથી માનતો. અમૃત નામનો કોઇ પદાર્થ છે જ નહિ. મારે અમર થવાની ગરજ પણન થી. મારું આયુષ્ય સમાપ્ત થશે એટલે હું મારી જીવનલીલા સંકેલી દઇશ. મારે અમરત્વ નથી જોઇતું. બીજો માણસ વિષને વિષ માનવા તૈયાર નહોતો. એ એમ કહેતો હતો કે વિષ પીવાથી મૃત્યુ થાય જ નહિ. લાવો, મને વિષનો પ્યાલો આપો, હું વિષ ગટગટાવી જઇશ!

પહેલો માણસ અમૃત પીવા તૈયાર નથી, બીજો માણસ વિષ પીવા તૈયાર છે. આ બેમાંથી સૌથી વહેલું અને સૌથી વધારે અહિત કોનું થશે? એક માણસ ધર્મને ધર્મ માનવા તૈયાર નથી, બીજો માણસ અધર્મને અધર્મ માનવા તૈયાર નથી. ધર્મને ધર્મ નહિ માનનારો માણસ ધર્મની દૂર રહે છે. અધર્મને અધર્મ નહિ માનનારો માણસ અધર્મ આચરવા રઘવાયો બની જાય છે. આ બેમાંથી જગતને ક્યો માણસ વધારે નુકશાન પહોંચાડશે?

કોઇ માણસ શ્રદ્ધાને શ્રદ્ધારૂપે ન જુએ તો વાંધો નથી, પરંતુ એ અંધશ્રદ્ધાને અંધશ્રદ્ધારૂપે ઓળખવા તૈયાર ન થાય, ત્યારે આફતોની પરંપરા ખડી થાય છે. ત્યાંથી એના પતનના શ્રીગણેશ થાય છે.

સત્યને કોઇ માણસ સત્ય ન સમજે તો એથી જે નુકશાન થશે તે એને એકલાને જ થશે, પરંતુ જો કોઇ માણસ અસત્ય જ સમજી તો એથી થતું નુકશાન તેને એકલાને જ નહિ થાય, અનેકને થશે - પૂરા સમાજને થશે.

અંધશ્રદ્ધા, આડંબર અને અજ્ઞાન - આ ત્રણ ચીજોને ધર્મને જેટલો કલંકિત કર્યો છે, તેટલો બીજા કોઇએ કર્યો નથી.

સાચી વાત સાંભળીને થોડોક આઘાત લાગે તો લાગવા દેવો. એમાં જ આપણું હિત છે. ખોટી વાતને જતનપૂર્વક પંપાળ્યા કરવાથી અહિત થશે. જે સ્પષ્ટ છે તેનો અસ્વીકાર કરવો અને જે અસ્પષ્ટ છે તેને સવીકારવા રહેવું - એને જ જો ધર્મ માનવાનો હોય તો, એવા ધર્મની આપણને શી ગરજ હોય?

મંદિરમાં મૂર્તિ, છબી છે - એ સ્પષ્ટ છે. એની છબી અને મૂર્તિ માનવામાં આપણે કોઇ જ આપત્તિ નથી, મૂર્તિ પરમાત્માનું આલંબન છે, એ પણ સત્ય છે. જ્ઞાન મેળવવા માટે નાનું બાળક સ્લેટમાં કક્કો ઘૂટે છે. સ્લેટ દ્વારા એ જ્ઞાન સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. 'ક' કેવો હોય? દસ વત્તા પંદર કેવી રીતે થાય? નવની સંખ્યાનો નવ સાથે ગુણાકાર કરવાથી શો જવાબ આવે? વીસમાંથી આઠ બાદ કરીએ તો કેટલા વધે? આ બધાનું પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે કોઇ બાળક સ્લેટનો ઉપયોગ કરે તો એમાં કાંઇ ખોટું નથી. સ્લેટ એ શિક્ષણનું આલંબન છે, સબળ સાધન છે. સ્લેટ દ્વારા જ્ઞાનની યાત્રા પ્રારંભાય છે. સ્લેટ એ રીતે જ્ઞાનનું નિમિત્ત બને છે એની ના નથી, પણ કોઇ વ્યક્તિ આગળ જતાં સ્લેટને જ્ઞાન મેળવવાનું સાધન માનવાને બદલે, સ્લેટને જ જ્ઞાન માની લે તો? સ્લેટ લઇને ફરનારો માણસ એમ કહે કે મારી પાસે જ્ઞાન આવી ગયું છે, મેં જ્ઞાનને આત્મસાત્ કરી લીધું છે... તો?

સાધનને સાધન માનો, સાધ્ય નહિ!

મૂર્તિ પરમાત્માનું આલંબન છે, પરમાત્મા નથી! ગમે તેટલી પ્રાણપ્રતિષ્ઠા કરીએ તોય, મૂર્તિમાં પ્રાણ પૈદા કરી શકાતા નથી. હા, આપણે છીછરી રીતે માની લેવાનું કે એમાં પ્રાણ આવી ગયા છે. તેનો વિકાસ થાય છે. તે આહાર-પાણી પણ લે છે. બીજ પણ આપે છે. એણાંથી નવું વૃક્ષ પેદા થઇ શકે છે. મૂર્તમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા પછી, તેને અંદર જો પ્રાણતત્વ આવી જતું હોત તો મૂર્તિમાં આમાંનું કંઇક તો પરિવર્તન આવતું હોત ને? એનામાં ચૈતન્યનું એકાદ લક્ષણ તો જોવા મળતું હોત ને?

પ્રતિભાને પ્રતિમા માનવાને બદલે પરમાત્મા માની લેવાય ખરા?

પ્રતિષ્ઠા અને મંત્ર દ્વારા જો પથ્થરની મૂર્તિમાં પ્રાણ પગટાવી શકાતા હોય તો સમર્થ જ્ઞાની ગુરુઓનાં અવસાન પછી તેમના ડેડ બોડીની પ્રતિષ્ઠા કરીને તેમાં જ પ્રાણ પ્રગટાવો ને! જે શરીરમાં એક વખત ચેતન્ય વિદ્યમાન હતું, તેના ડેડ બોડીને પણ જો પુનઃ જીવિત ન કરી શકાતું હોય તો જે ક્યારેય જીવંત નહોતો તેવા પથ્થરમાં પ્રાણ પુરવાનું શક્ય ખરું? મૂર્તિને આલંબન રૂપે સ્વીકારી શકાય અને એટલા પૂરતું તેનું મહત્ત્વ પણ સ્વીકાર્ય છે, પરંતુ આલંબનને જ આરાધ્ય માની લઇને તેની પાછલ ભવ્યાતિભવ્ય ઠાઠ કરવાનું કેટલું વાજબી ગણાય?

કોઇ માણસ પરમાત્માને પરમાત્મા ન માને તો વાંધો નથી, કારણ કે એથી એને એકલાને જ ગેરલાભ થશે; પણ જયારે કોઇ માણસ પ્રતિમાને જ પરમાત્મા માની લે છે ત્યારે વ્યાપક સમાજને નુકશાન થાય છે. પ્રતિમા અને મૂર્તિ અને છબી અને બિંબ અને ચિત્ર અને ફોટો - આ બંધાય માત્ર આલંબનો છે. આ આલંબનો દ્વારા પરમાત્માના સ્વરૂપની ઝાંખી થતી હોય તો ભલે થતી, પણ એ આલંબનો માત્ર સાધન છે, સાધ્ય નથી, એ ભૂલવા જેવું નથી.

સત્ય દીવા જેવું સ્પષ્ટ હોય તોય પરંપરા, માન્યતાઓ શાસ્ત્રો અને અંધશ્રદ્ધાના પનારે પડીને અસત્યનો જયજયકાર કરવો હોય તેને કોણ રોકી શકે?

છેલ્લા દોઢ મહિનામાં ત્રણેક જિનાલયોમાં ચોરી થવાના સમાચારો મળ્યા છે. એ અગાઉ પણ અનેક વખત મંદિરો - દેરાસરમાં ચોરી થઇ છે. સાવ સાચું કહું? કોઇ મંદિ